# ખેડબ્રહ્મામાં વાઈરલ ઈન્ફેકશન : ૨૦૦થી વધુ કમળાના કેસ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકામાં ગરમીથી બચવા રહીશો ઠંડા પીણા અને બજારમાં વેચાતા ખુલ્લા ખાદ્ય ચીજો આરોગતા વાયરલ તાવ, કમળો અને ટાઈફોડ જેવા રોગોમાં સપડાયા છે. છેલ્લા ૧૫ દિવસમાં ૨૦૦ થી વધારે દર્દીઓએ કમળાના રોગની સારવાર લીધી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં તરસ છીપાવવા માટે રહીશો બજારમાં વેચાતા ઠંડા પીણા, શેરડીનો રસ, આઈસ્ક્રીમ અને લસ્સીનો સહારો લે છે. ત્યારે હાલ ખેડબ્રહ્મા શહેર તેમજ આસપાસના ગામોમાં તેમજ બજારોમાં ખુલ્લા અને ભેળસેળ યુક્ત આહાર આરોગવાથી રહીશોને ઝાડા ઉલ્ટી, કમળો, ટાઈફોડ તથા વાયરલ જેવા રોગનું ભોગ બનવું પડ્યું છે. ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાયો છે. તો બીજી તરફ આ રોગચાળાને જોતા આરોગ્યતંત્રના અધિકારીઓ સત્વરે ખુલ્લો અને અખાદ્ય પદાર્થ વેચતા વેપારીઓ સામે પગલા ભરે તેવી માંગ ઉઠવા પામી છે.



કાંકરેજ તાલુકાના કંબોઈ નગરમાં ક્ષત્રિય સમાજનાં સોલંકી પરિવાર શ્રી બહુચર સમૂહ લગ્ન સમિતિ દ્વારા ૩૮ યુગલોએ સંતો મહંતો અને સમાજના મહાનુભવોની હાજરીમાં લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ પ્રસંગ ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ સંતો-મહંતો અને અન્ય રાજયકારણી નેતાઓની હાજર રહ્યા હતા અને વિશાળ સંખ્યામાં ક્ષત્રિય બંધુઓએ આ અવસરનો લાભ લેવા પધાર્યા હતા. (તસવીર : હેમુભા વાઘેલા)


## રાધીવાડથી ચાડા તરફના અંબાજી હાઈવે પર બસ અને ટ્રકનો ગંભીર અકસ્માત

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડથી ચાડા વચ્ચે અંબાજી હાઈ-વે ઉપર ખેડબ્રહ્મામાંથી ૭ કિ.મી. દૂર અંબાજી તરફ થી જોધપુર આવતી બસ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં નાની-મોટી ઈજાઓને બાદ કરતા તમામે તમામ મુસાફરનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડથી ચાડા વચ્ચે અંબાજી હાઈ-વે ઉપર ખેડબ્રહ્માથી ૭ કિમી અંતરેથી મુસાફરો ભરેલી એક રાત્રિના સમયે અંબાજી તરફથી જોધપુર રાજસ્થાન તરફ જઈ રહી હતી. દરમિયાન માર્ગમાં બસના ડ્રાઈવરે આગળ જતી ટ્રકને ઓવરટેક કરવા જતા ટ્રક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને ટ્રકની ટકકરથી બસ માર્ગમાંથી બાજુમાં ઉતરી ગઈ હતી આથી થોડા સમય માટે મુસાફરોનો જીવ પડીકે બંધાયા હતા પરંતુ થોડા મુસાફરોને બાદ કરતા કોઈ ગંભીર જાનહાની થઈ ન હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વલિયમપુરા-ઉદણ રોડ પર એસ.ટી. બસ અને બોલેરો વચ્ચે ગંભીર અકસ્માત



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના વલિયમપુરા-ઉદણ રોડ માર્ગ ઉપર આજે સવારે મુસાફરો ભરેલી એસ.ટી. બસ અને બોલેરો કેમ્પર ડાલુ જીપની ટક્કરથી થયેલા વાહન અકસ્માતે જાણે કે 'રામ રાખે તેને કોણ ચાખે...!' તે ઊક્તિને સમર્થન પુરૂ પાડ્યું હતું. તલોદથી દહેગામ તાલુકાના બાબરા ગામે જતી રાજસ્થાનના એક કેટર્સની બોલેરો જીપ ગાડીને અમદાવાદથી તલોદ (વાયા ઉદણ) વાળી બસની જોરદાર ટક્કર લાગતા આ અકસ્માત સર્જાયો હતો. જેમાં બોલેરો ગાડીને નોંધપાત્ર નુકશાન પહોચ્યું હતું. જ્યારે બસના જડબામાં તે ઘુસી ગઈ હોવા છતાં બસને સાધારણ નુકશાન પહોંચ્યું હતું. મુસાફરોથી આ બસ ખીચોખીચ ભરેલી હતી અને બોલેરો ગાડીમાં ગાડીના માલિક અને તેનો ચાલક એમ બે વ્યક્તિઓ જ મુસાફરી કરી રહ્યા હતા. સદ્ભાગ્યે એક પણ વ્યક્તિને લોહીયાળ ઈજાઓ પહોંચી નથી.

આજે સવારે રાજસ્થાનની એક કેટર્સ કંપનીના માલીક રાજપુરોહિત જબ્બરસિંહ સોહનસિંહ પોતાની બોલેરો મહિન્દ્રા પીકઅપ ગાડી (નં. આરજે-૧૯-જીસી-૧૯૩૪) માં બેસીને તલોદ તાલુકાના માધવગઢ ગામેથી નીકળી દહેગામ તાલુકાના બાબરા ગામે એક રસોઈનો કોન્ટ્રાક્ટ નક્કી કરવા જતા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ગાડીનો ચાલક ગોવિંદસિંહ મૂળસિંહ (રહે. બંને કરવડજોધપુર રાજસ્થાન) ગાડી હંકારી રહ્યો હતો. વલિયમપુરા ગામ છોડી ગાડી ઉદણ તરફ દોડી રહી હતી ત્યારે સામેથી આવતી અમદાવાદ તલોદ એસ.ટી. બસ (નં. જીજે૧૮વાય-૧૦૮૮)ની જોરદાર ટક્કર જીપગાડીને લાગતાં જીપનો આગળનો ભાગ બસના આગળના ભાગમાં ઘુસી ગયો હતો. આ બંને વાહનોની ધમાકેદાર ટક્કરથી બસમાં મુસાફરી કરી રહેલા સંખ્યાબંધ મુસાફરોના જીવ તાળવે ચોંટી જાય તેવી સ્થિતિ પેદા થઈ હતી.

બધા જ મુસાફરો સલામત હોવાની જાણ થતાં જ તમામે રાહતનો દમ લીધો હતો. અકસ્માત સંદર્ભે તલોદ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવાની તજવિજ થઈ રહી હોવાનું જાણવા મળેલ છે.

## હજયાત્રીઓ માટેનો ડ્રો ૧૫મીએ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય હજ સમિતિ મારફતે હજયાત્રાએ જવા ઈચ્છુક અરજદારો પાસેથી હજ-૨૦૧૨ માટે તા. ૧-૩-૨૦૧૨ થી તા. ૨૫-૪-૨૦૧૨ અરજીઓ મંગાવવામાં આવી હતી. ગુજરાત રાજ્ય હજ સમિતિને ૩૭૨૩૪ અરજીઓ મળી છે. કેન્દ્રીય હજ સમિતિ, મુંબઈ તરફથી તમામ રાજ્યોને વર્ષ ૨૦૦૧ની મુસ્લિમ વસતીને ધ્યાને રાખી ક્વોટા ફાળવવામાં આવતાં, ગુજરાત રાજ્યને ૩.૩૨ ટકા અનુસાર ૩૭૮૯ સીટોનો ક્વોટા મળેલ છે. ગુજરાત રાજ્ય હજ સમિતિને કૂલ મળેલ અરજીઓ પૈકી ૭૦ વર્ષથી વધુ વયના અરજદારો તરફથી તેમજ સતત ત્રણથી વધુ એટલે કે ચોથા વરસે અરજી કરતા હોય તેવા કૂલ મળીને ૩૮૭૫ રીઝર્વ કેટેગરીના અરજદારો તરફથી અરજીઓ મળી છે. ગુજરાત રાજ્યને કેન્દ્રીય હજ સમિતિ મુંબઈ તરફથી ફાળવવામાં આવેલ ક્વોટા કરતાં પણ વધુ સંખ્યામાં રીઝર્વ કેટેગરીની અરજીઓ મળી છે. આમ, પૂરેપૂરો ક્વોટા રીઝર્વ કેટેગરીના અરજદારોને ડ્રો દ્વારા ફાળવવામાં આવશે. હજ સમિતિ મુંબઈની હજ ગાઈડલાઈન્સ ૨૦૧૨ મુજબ જનરલ કેટેગરીના તમામ અરજદારોનો કેન્દ્રીય હજ કમિટીના ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝ પ્રોગ્રામ દ્વારા ૧૪-૫-૧૨ના રોજ બપોરે ૩ વાગે ગુજરાત રાજ્ય હજ સમિતિ, સચિવાલય, ગાંધીનગરની કચેરીમાં અધ્યક્ષશ્રી સૂફી સંત મહેબુબઅલી બાવાસાહેબના વરદહસ્તે ડ્રો કરવામાં આવશે. ડ્રોમાં સફળ થયેલ સર્વે સંબંધિત અરજદારોને કેન્દ્રીય હજ સમિતિ, મુંબઈ દ્વારા એસએમએસથી તેમજ ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા પત્રથી જાણ કરવામાં આવશે.

## પાલનપુરમાં 'એ' ઝોનમાં નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના દ્વારા આગામી ચોમાસા પહેલા સફાઈ કરાશે

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુરની ભાજપ શાસીત નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજના વિભાગ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આગામી ચોમાસાની સીઝન પહેલા શહેરના જૂના કોટ વિસ્તાર કે જે પાલિકાના ઉપરોકત વિભાગમાં 'એ' ઝોનમાં આવે છે ત્યાં તાકીદે સફાઈ કામગીરી વિવિધ મશીન પ્રેશર પંપો દ્વારા સફાઈ હાથ ધરાનાર હોવાની વાત આજે પાલિકામા મળેલ ભૂ.ગ. યોજનાની કમિટિમાં મુખ્ય મુદ્દો બન્યો હતો.

મળતી માહિતી અનુસાર પાલિકાના સદસ્ય અને ભૂગર્ભ ગટર યોજના સમિતિના ચેરમેન અનિલભાઈ ચક્રવર્તી અને સુપરવાઈઝર ઓમકાર સોનીએ આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે પાલિકા દ્વારા આગામી ચોમાસા અગાઉ દરેક મેઈન લાઈનોમાં હેવીડયુટીંગ જેટીંગ મશીનથી કામગીરી હાથ ધરાનાર છે. આ લાઈનો ચોક-અપ હોય કે ના હોય તે તમામને પ્રેશર મારી અને પંપીંગ સ્ટેશન ભૂગર્ભ ગટરોની સફાઈ અને અશોક સોસાયટી પાસે આવેલ સંપની સફાઈ કરાનાર છે. આ ગટર લાઈનોની ઊંડાઈ અંદાજે ૫ ફુટથી ૩૦ ફુટની છે. હાલમાં શહેરના વિસ્તારોમાં ત્રણ બત્તી, ખાસદાર ફળી, સલેમપુરા ધોબીવાસ અને મહાજનના ડેલા પાસેની ફરિયાદો છે તેને પ્રાધાન્ય આપવામાં આવશે. આજે મળેલી કમિટિમાં ચેરમેન અનિલ ચક્રવર્તી, સભ્યોમાં કુસમ રાવલ, દક્ષાબેન લીંબાચીયા, ડૉ. બી.એસ. નંદા, ગીરીશ પરમાર, સાગર પરમાર અને દેવેન્દ્ર રાવલ હાજર રહ્યા હતા અને ખાસ તો મહેકમ વધારવા માંગ કરી હતી.

## બનાસકાંઠામાં બાર કોડેડ રેશનકાર્ડના ડિંડવાણાથી પ્રજાજનો ભારે પરેશાન

પાલનપુર, તા. ૧૦

ગુજરાતના સ્વપ્રદષ્ટા વિકાસ પુરૂષ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર જે કામ હાથ પર લે છે તેને પુરૂ કરીને જ ઝંપે છે તેવી લોકોમાં ઘર કરી ગયેલી માનસિકતા વચ્ચે આજે છેલ્લા બે વર્ષથી બાર કોડેડ રેશનકાર્ડ આપવામાં સરકાર સરેઆમ નિષ્ફળ રહેતા સરહદી બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનો તુક્કો ચર્ચાની એરણે ચડ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે પુરવઠા વિભાગે નવું ડીંડવાણું શરૂ કરી તઘલખી ફરમાન જારી કર્યું છે જે મુજબ નવા બાર કોડેડ રેશનકાર્ડ મેળવવા માટે રેશનધારકને ફરીવાર દસ્તાવેજી પુરાવા સાથે ફીંગર પ્રીન્ટ આપવા માટે 'જન સેવા કેન્દ્ર' ખાતેનું તેડુ મોકલવામાં આવ્યું છે. જેમાં પણ પરિવારના ૧૫ વર્ષથી ઉપરના તમામ સભ્યોને આરોપીઓની જેમ ફીંગર પ્રીન્ટ આપવાનું તેડુ મોકલાતા રોજ કમાઈને રોજ ખાતા લોકો સહિત મધ્યમવર્ગના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વળી, જનસેવા કેન્દ્ર ખાતે પરિવાર સાથે લાંબી લાઈનમાં ઉભા રહ્યા બાદ સર્વર ડાઉન થાય કે ખોરવાઈ જાય ત્યારે લોકોને ધરમધક્કો ખાવો પડે છે. અને રીક્ષાના ૫૦ થી ૧૦૦ રૂપિયા ખર્ચીને ધક્કા ખાવા છતાં હજી ક્યારે બાર કોડેડ નામની જડ્ડીબુટ્ટી મળશે તેનો તો જવાબ નથી તંત્ર પાસે કે નથી લોકોને ખબર..! આમ, પુરવઠા વિભાગના તઘલખી ફરમાનને પગલે લોકોની મુસીબતોમાં વધારો થઈ રહ્યો છે. ૨૦૦૫માં મુદત પૂર્ણ થયેલ રેશનકાર્ડને બદલે બારકોડેડ રેશનકાર્ડ આપવાની શેખી મારતુ પ્રશાસન હજી સુધી લોકોને ક્યારે બારકોડેડ હાથમાં આપશે તેની ખાત્રી આપવામાં પણ ઉણુ ઉતરી રહ્યું છે. અગાઉ બાર કોડેડના ફોર્મ ભરતા સાથે આધાર-પુરાવા રજૂ કર્યા હોવા છતાં ફરી એકવાર આધાર-પુરાવા રજૂ કરી ફીંગર પ્રીન્ટ મેળવવાની કવાયત સામે લોકોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. જોકે, લોકોમાં ભભૂકી ઉઠેલા રોષ વચ્ચે પ્રજાના કહેવાતા સેવકરામોની ભેદી ચૂપકીદી પ્રજાજનોને અકળાવી રહી છે.

## ગુજરાતમાં ગરમીનું મોજું ફરી વળ્યું : ઈડરમાં સૌથી વધુ તાપમાન

### ઉકળાટના લીધે લોકો ત્રાહિમામ : અમદાવાદમાં ૪૧.૫, ગાંધીનગરમાં ૪૧.૬ ડિગ્રી : નવ શહેરોમાં વધારે ગરમી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહીત રાજ્યમાં ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું હતું. તેમજ હવામાં ભેજનું પ્રમાણ વધતા સખત ઉકળાટનો અનુભવ નાગરીકોએ કર્યો હતો. ઉકળાટને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. રાજ્યના નવ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી ઈડરમાં ૪૨.૦ ડીગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૧૮ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૪૦.૦ ડીગ્રી, સુરતમાં ૩૭.૩, ભુજમાં ૩૯.૬, પોરબંદરમાં ૩૩.૪, નલીયા ૩૪.૪, ભાવનગર ૩૭.૭, ડિસા ૪૦.૨, અમરેલી ૪૧.૦, વલ્લભ વિદ્યાનગર ૪૦.૫, રાજકોટ ૪૦.૫, ઓખા ૩૨.૭, સુરેન્દ્રનગર ૪૧.૭ અને ગાંધીનગર ૪૧.૬ ડિગ્રી નોંધાયું હતું.

## ચાર દિવસથી ગંધાઈ રહેલા મૃતદેહનો નિકાલ કરવા કર્મચારીઓની માગ

ખેડબ્રહ્મા, તા. ૧૦

દાતા તાલુકાના કેશરપુરા ગામના ગંગાબેન વિમાભાઈ સોલંકીનું ચાર દિવસ પહેલા અકસ્માતમાં મોત થતા તેમના મૃતદેહને પોશીના હોસ્પિટલમાં પી.એમ. અર્થે લાવવામાં આવ્યો હતો. પી.એમ. કર્યા બાદ મૃતદેહને વાલી વારસોને સોંપવાની તજવીજ કરતા છેલ્લા ચાર દિવસથી કોઈ વાલી વારસ મૃદેહનો કબજો સંભાળવા આવ્યું નથી. જેથી ચાર દિવસથી પડી રહેલો મૃતદેહ ગંધાઈ જવાથી દવાખાનામાં આવતા દર્દીઓ તેમજ દવાખાનાનો સ્ટાફ પરેશાન થઈ ગયો છે. પરિણામે તાલુકા અને પોલીસ તંત્રએ આ મૃત દેહનો તાત્કાલિક નિકાલ કરવા દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફ ઈચ્છી રહ્યા છે.

## અમદાવાદ શહેરની સ્થાપનાને ૬૦૧ વર્ષ નિમિતે આજે કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરની સ્થાપનાને પૂર્ણ થયેલા ૬૦૧ વર્ષ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, નિલકંઠ ગ્રુપ ઓફ હોટલ્સ દ્વારા શ્યામલ-સૌમિલ પ્રસ્તુત આપણું અમદાવાદ, સુરીલું અમદાવાદનો કાર્યક્રમ કર્ણાવતી ક્લબ ખાતે તારીખ ૧૧મી મેને શુક્રવારે સાંજે ૭ વાગે યોજવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રિક્રીયેશન કમિટીના ચેરપર્શન બીજલબેન પટેલ તથા ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના સીએમડી ઉમંગભાઈ ઠક્કર અને ડૉ. શૈલેષ ઠાકરે જણાવ્યું હતું કે, આ પ્રસંગે અમદાવાદ શહેરની ૧૦૮ પ્રતિભાવંત વ્યક્તિઓનું સન્માન ભાગવત કથાકાર પ.પૂ. ભુપેન્દ્ર પંડ્યાના હસ્તે કરવામાં આવશે. વિવિધ ક્ષેત્રની આ પ્રતિભાઓનું સન્માન નગરની સંસ્કાર સમૃદ્ધિનું સન્માન છે. ગુજરાતી ગીત સંગીત ક્ષેત્રે સુવિખ્યાત સંગીતકાર અને ગાયક શ્યામલ-સૌમિલ મુનશી નિર્મિત ઓડિયો સીડી, ડીવીડી અને પુસ્તિકાનો સંપુટ જેમાં અમદાવાદના ૬૦૧ વર્ષની સંગીત યાત્રાની ઝલક શબ્દ, સ્વર અને તસવીરો રૂપે જીવંત થાય છે તે આપણું અમદાવાદ, સુરીલું અમદાવાદનું લોકાર્પણ મેયર અસિત વોરાના હસ્તે થશે.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૯૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. | ૯૯૨૫૦૪૪૭૪૩ |
| | હિંમતનગર) | ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા | |
| | જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



**જાહેર નિવિદા**

**સ્ટેશનરીના વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત**

INDEXT-c

સ્ટેશનરી ખરીદવા બાબતે વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબતે રસ ધરાવનાર સંસ્થા / પાર્ટીઓ પાસેથી વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ઈન્ડેક્ષ્ટ-સીની ગાંધીનગર ખાતેની કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજા, રવિવાર તથા બીજા-ચોથા શનિવાર સિવાયના દિવસો) તારીખ ૧૯-૫-૧૨ના બપોરના ૨-૦૦ કલાક સુધી મેળવી આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૫-૫-૧૨ સુધીમાં સીલબંધ કવરમાં ટેન્ડર કવર ઉપર "સ્ટેશનરીના વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત" તેમ સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલી આપવાના રહેશે. આ પ્રકારના લખાણ વગરનું ટેન્ડર માન્યગણાશે નહીં. નોન-રીફંડેબલ ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી ટેન્ડર મેળવી શકાશે.

**કાર્યવાહક નિયામક,**
**ઈન્ડેક્ષ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)**
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૪૨૬૩ ફેક્સ નંબર : ૨૩૨૫૬૦૦૭

માહિતી/૨૮૩/૨૦૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES — APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન